# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-12-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## મંત્રી મંડળની બેઠક:

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકમાં પત્રકારોને માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ, રાજ્યમાં હવા પ્રદૂષણથી ભવિષ્યમાં થનારી ગંભીર અસરોને ધ્યાનમાં લઈને અત્યારથી જ એલર્ટ થવા તાકીદ કરી હતી, તેમજ પ્રદૂષણને અટકાવવા માટે રાજ્ય સરકારના  દરેક વિભાગને સાથે રાખીને વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવા માટે ઉચ્ચ અધિકારીઓને મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે.

---------------------------------------------------------------------------------------------

## સંચાર સાથી એપ:

સંચાર સાથી એપની વધતી સ્વીકૃતિને જોતા સરકારે મોબાઈલ ફોન નિર્માતા કંપનીઓ માટે આ એપને પહેલા જ ઈન્સ્ટોલ કરવાનું ફરજિયાત ન બનાવવાનો નિર્ણય કર્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, નાગરિકો કોઈ પણ સમયે આ એપને હટાવી શકે છે અને આ એપના ઉપયોગકર્તાઓની સલામતી રાખવા સિવાય તેનું બીજું કોઈ કામ નથી.

સંચાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, અત્યાર સુધીમાં 14 મિલિયન ઉપયોગકર્તાઓએ એપ ડાઉનલોડ કરી છે અને દરરોજ બે હજાર છેતરપિંડીની ઘટના નોંધાઈ રહી છે. મંત્રાલયે જણાવ્યું, એપ સલામત છે અને તેનો હેતુ લોકોને સાયબર ગુનાથી બચાવવાનો છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં SIRની કામગીરી:

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા–S.I.R.ઝૂંબેશ હેઠળ ગણતરીપત્રકોનું ડિજિટાઈઝેશનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે કચ્છમાં અત્યાર સુધી 83 ટકાથી વધુ મતદારોની વિગતો ડિજિટાઈઝ્ડ કરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક બાહરટે જણાવ્યું, વર્ષ 2002ની મતદાર યાદીને આધાર બનાવી સમગ્ર મતદાર યાદી અપડેટ કરવામાં આવી રહી છે.

ભૂજના વેપાર ઉદ્યોગના અગ્રણી કમલ ગઢવીએ કહ્યું કે મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં તમામ લોકોએ સક્રિય રીતે ભાગ લેવો જોઇએ અને તાત્કાલિક ફોર્મ ભરવા જોઇએ.

---

## મુખ્યમંત્રીની કચ્છ મુલાકાત :

કચ્છના ધોરડો ખાતે 23 નવેમ્બરથી શરૂ થયેલા વિશ્વ પ્રસિધ્ધ રણોત્સવમાં પુર્ણ ચંદ્રનું આકર્ષણ માણવા આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પધારશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાંજે ધોરડો પહોંચશે અને રણોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપશે. તેમની હાજરીને પગલે આ સાંસ્કૃતિક કાર્યક્રમને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગ મુખ્યમંત્રીના પ્રવાસનને લઈને સજ્જ બન્યુ છે.

---

## વન ડે મેચ:

દક્ષિણ આફ્રિકાએ ભારતને બીજી વન ડે મેચમાં 4 વિકેટે પરાસ્ત કરી ત્રણ મેચોની શ્રેણી એક-એકથી સરભર કરી છે. રાયપુર ખાતેની મેચમાં ભારતના 5 વિકેટે 358 રનના જવાબમાં દક્ષિણ આફ્રિકાએ 6 વિકેટના ભોગે 362 રન કરી મેચ જીતી લીધી હતી. એડનમારકમે સૌથી વધુ 110 રન કર્યા હતા.

એ અગાઉ ભારતે નિર્ધારિત 50 ઓવર માં5 વિકેટના ભોગે358 રન કર્યા હતા. ઋતુરાજ ગાયકવાડે 105 રન અને વિરાટ કોહલીએ 102 રન કર્યા હતા. સુકાની કે. એલ.રાહુલ 66 રને અણનમ રહ્યા હતા. કોહલીએ સતત બીજી વન ડેમાં બીજી અને વન-ડેની કારકિર્દીની 53 મી સદી નોંધાવી હતી.

---

## વહીવટી સુધારણા પંચ:

ગુજરાત વહીવટી સુધારણા પંચ GARC નો છઠ્ઠો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગઈકાલે સોંપવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારના વહીવટી માળખા અને કાર્યપદ્ધતિમાં જરૂરી ફેરફારો માટે મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં આ પંચની રચના કરવામાં આવી હતી.

---

## રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેન:

રેલવે દ્વારા પ્રથમ વખત ભુજથી બાન્દ્રા વચ્ચે વેકેશન સ્પેશિયલ  બે વખત એસી કોચ સાથેની વિશેષ ટ્રેન દોડાવાશે. રણોત્સવ અને નાતાલના તહેવારને ધ્યાનમાં રાખીને  શરૂ કરાયેલી આ ટ્રેન  ભુજ થી શુક્રવારે, રવિવારે અને  બાન્દ્રાથી ગુરૂવારે અને શનિવારે રવાના થશે.

---

## હવામાન:

જીલ્લાના તાપમાનમાં સામાન્ય વધઘટ વચ્ચે ઠંડીની ચમક યથાવત રહી છે. 11 ડિગ્રીએ નલિયાએ  રાજ્યના ઠંડા મથકમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું તો જિલ્લા મથક ભુજ 14.8 ડિગ્રીએ રાજ્યનું ચોથું, તો 14.9 ડિગ્રીએ અંજાર-ગાંધીધામ રાજ્યના પાંચમા ગરમ મથક બન્યા હતા. મહત્તમ પારો પણ 29-30 ડિગ્રી આસપાસ નોંધાતાં દિવસના ભાગે અનુભવાતી

ઉષ્ણતા ઘણાખરા અંશે ઘટેલી જોવા મળી હતી. હવામાન વિભાગે જારી કરેલા આગામી સાત દિવસના વર્તારામાં સામાન્ય વધઘટ સાથે ઠંડીનો આ માહોલ જળવાયેલો રહેશે તેવી આગાહી કરી છે.

-----------------------------------------------------------------------------------------------